**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૦ ટકા ● સાંજે ૨૧ ટકા

# સે-૧૨ સ્વામી વિવેકાનંદ શાળા ખાતે સ્વાસ્થ્ય સ્વરોજગારી યોજના હેઠળ કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા.૧૬

સ્વાસ્થ્ય સ્વરોજગારી યોજના અંતર્ગત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) સંચાલિત ગાંધીનગર શાખા સંચાલિત સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર સેકટર-૧૨ શાળા ખાતે ડો. હાર્દિક તલાટી (રેડ ડોટ કેમ્પોનના પ્રણેતા, ફિઝીયોથેરાપીસ્ટ ઉપપ્રમુખ યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ), સંગીતાબેન પ્રજાપતિ (પ્રયોશા મહિલા વિકાસ ટ્રસ્ટ, રીયા નિમાવત દ્વારા કો-ઓર્ડીનેટર નટુભાઈ લાડાણી અનો શાળાના આચાર્ય ભાવેશકુમાર જાનીની ઉપસ્થિતમાં વિદ્યાર્થીનીઓનો સેનેટરી પેડનો ઉપયોગ, તેના નિકાલ અને તેના કારણે પર્યાવરણને થતા નુકશાન વિશે તેને લગતી વિવિધ માહિતી પુરી પાડવામાં આવી હતી.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોની હાજરીમાં સેનેટરી પેડના નિકાલ માટે લેડીઝ ટોયલેટમાં ડસ્ટબિન મુકવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં હાજર મહાનુભાવો દ્વારા મળેલા માર્ગદર્શનનો લાભ ધોરણ-૯ થી ધોરણ-૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ લીધો હતો. જયારે આ માર્ગદર્શન શાળાની વિદ્યાર્થીનીઓના સ્વાસ્થ્ય માટે ઉપયોગી થશે.

# ગ માર્ગ પર સ્ટ્રીટ લાઈટના થાંભલા નંખાયા બાદ પણ અંધારપટ

## ગ માર્ગને સીકસલેન બનાવવાની તેમજ અંડરપાસની કામગીરીને અનુલક્ષી ટ્રાફિક સિનારીયો બદલાયો છે ત્યારે માર્ગ સલામતી જોખમાઈ

ગાંધીનગર, તા.૧૬

શહેરના સેકટરોના આંતરીક વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટ વારંવાર બંધ હોવાની ફરીયાદો ઉઠવા પામે છે. સ્ટ્રીટ લાઈટના કટાયેલા અને કંગાળ થાંભલાઓ બદલવા માટે પણ સ્થાનિકો દ્વારા અનેકવાર રજુઆત કરવામાં આવે છે. આમ છતા આ અંગે હજુ કોઈ આયોજન થયું નથી ત્યારે બીજીતરફ શહેરના મુખ્ય ગ માર્ગ પર નવા નાંખવામાં આવેલા સ્ટ્રીટ લાઈટના વિજપોલ પણ બંધ હાલતમાં છે.જેના લીધે ગ-૨ થી ગ-૩ વચ્ચે અંધારપટ છવાયેલો જોવા મળે છે.

શહેરના સેકટરોમાં સ્ટ્રીટ લાઈટ વારંવાર ડુલ થઈ જાય છે. જેના લીધે સેકટરોના આંતરીક ઉબડ-ખાબડ માર્ગો પર અંધારપટ છવાયેલો જોવા મળે છે. બીજીતરફ નગરના મુખ્યમાર્ગો પર પણ સ્ટ્રીટ લાઈટના ઘણા થાંભલાઓ બંધ જોવા મળે છે. શહેરના ગ માર્ગને હાલ સીકસલેન બનાવવાની કામગીરી ચાલુ છે. જેને અનુલક્ષી માર્ગ આસપાસ ખાડા ખોદવામાં આવ્યા છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી ગ માર્ગ પર માર્ગ સલામતી આમ પણ ઝોખમાઈ છે. ગ માર્ગ પર અંડરપાસ બનાવવાની પણ કામગીરી ચાલી રહી છે. જેના લીધે ટ્રાફિકને ડ્રાયવર્ઝન અપાયું છે. આ સ્થિતિ વચ્ચે સીકસલેન બનતા માર્ગ આસપાસ કેટલાક ઠેકાણે દબાણો પણ અસ્તિત્વમાં આવ્યા છે. શહેરના ગ માર્ગ આમ પણ ટ્રાફિક સિનારીયો બદલાતા રોડ સેફટીને લગતા પ્રશ્નો ઉભા થયા છે. આવા સંજોગોમાં માર્ગના કેટલાક ભાગમાં રાત્રીના સમયે સદંતર અંધારપટ છવાયેલો જોવા મળે છે. ગ માર્ગ પર સ્થિત સેન્ટ્રલવર્જમાં થોડા સમય અગાઉ જ સ્ટ્રીટ લાઈટના નવા થાંભલા નાંખવામાં આવ્યા છે. પરંતુ છેલ્લા એક સપ્તાહથી ઘ-૨ થી ઘ-૩ વચ્ચે મોટાભાગના થાંભલા બંધ હોવાથી સાંજ ઢળતા જ અંધારુ છવાઈ જાય છે. સ્ટ્રીટ લાઈટના થાંભલા નવા હોવા છતા બિન ઉપયોગી પુરવાર થઈ રહ્યા છે. આ મામલે સ્થાનિક અગ્રણીઓએ તંત્ર સમક્ષ રજુઆત કરી હોવા છતા સમસ્યાનો ઉકેલ આવ્યો નથી.

**જન્મદિને વધામણી**


**સોનલબેન વાસુદેવ ત્રિવેદી**
મો. ૯૭૧૪૨ ૩૫૮૨૬



**હંસાબેન દિનેશકુમાર રાઠોડ**
મો. ૯૨૨૮૫ ૬૩૪૮૧


**રીટાબેન દિપકભાઈ સોની**
મો. ૯૪૦૮૭ ૬૨૧૧૪


**પલક પરસોત્તમભાઈ પરમાર**
મો. ૭૮૭૪૪ ૫૭૪૪૩


**હેમાંગ હરેશકુમાર જોષી**
મો. ૮૦૦૦૯ ૧૧૬૧૬


**જેનિલ ડી સોલંકી**
મો. ૯૭૧૪૭ ૧૫૫૦૯


**ત્રિશા સતીષકુમાર ઠક્કર**
મો. ૮૫૧૧૧ ૯૪૬૦૬


**અભિ પટેલ**
મો. ૬૩૫૩૬ ૧૨૩૭૪


**રાઠોડ યુવરાજ દિનેશકુમાર**
મો. ૯૮૯૮૭ ૩૦૬૨૭

# મહાનગરપાલિકાની ચુંટણીઓ મુલત્વી રાખી વહીવટદાર નિમવા જાગૃત નાગરિક પરિષદની અપીલ

## કોરોના પોઝિટીવ કેસોમાં આવેલા ઉછાળાને પગલે જાગૃત નાગરિક પરિષદે મનપાની ચુંટણીઓ એક વર્ષ પાછી ઠેલવવા અનુરોધ કર્યો

ગાંધીનગર, તા.૧૬

રાજયભરમાં ફરી એકવાર કોરોના મહામારીએ માથુ ઉંચકયું છે અનેકોરોના પોઝિટીવ કેસોનીસંખ્યામાં વધારો થઈ રહ્યો હોવાતી સર્વત્ર ચિંતાનો માહોલ સર્જાયો છે. આ સ્થિતિમાં આગામી દિવસોમાં યોજાનાર ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ મોકુફ રાકવા ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે અપીલ કરી છે અને જયાંસુધી મહાનગરપાલિકાનીચૂંટણીઓ કોરોના જોખમ મુકત વાતાવરણાં યોજીના શકાય ત્યાં સુધી મહાનગરપાલિકાનો વહીવટ વહીવટદારની નિયુકિત કરીને ચલાવવાનો મત સંસ્થાએ વ્યકત કર્યો છે.

ગાંધીનગર જાગૃત નાગરિક પરિ,દના મતે ગ્રામ સ્વરાજની ચુંટણીઓમંએકત્ર થયેલી ચુંટણીલક્ષી બીડને કારણે કોવિડ-૧૯ના સંક્રમણાં ભારે વધારો થયો હોવાનું અનુભવયું છે તેથી હવેમનપાની ચુંટણીને એક વર્ષ માટે અતવા કોરોનાસંકટ ટળે નહીં ત્યાં સુધી મુલત્વી રાખવી જોઈએ.

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદ માને છે કે સ્થાનિક સ્વરાજની ચૂંટણીના નાગરિકોના અધિકારોને મુલતવી રાખવા યોગ્ય નથી તેમ છતાં, જ્યારે નાગરિકોના જીવનની સલામતીનો પ્રશ્ન હોય તો તેને પ્રાથમિકતા આપવી યોગ્ય થશે. ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી મુલત્વી રાખી તેના વહીવટ માટે એડમિનિસ્ટ્રેટરની નિયુક્તિ કરવામાં આવે તેવી લોક લાગણી છે.

ગત મહિનામાં ગાંધીનગર જિલ્લામાં કોરોના સંક્રમણ નામશેષ થવાની દિશામાં હતું પરંતુ અનેક કારણોસર તે ફરીથી વધુ ને વધુ ગંભીર બની રહ્યું છે. ફરીથી લોકડાઉનની સ્થિતિ ઊભી કરવાનું રાજ્યને પોસાઈ શકે તેમ નથી, તેવા સંજોગોમાં ચૂંટણી મોકૂફ રાખવા સાથે તમામ નાગરિકો માસ્ક પહેરે, લઘુતમ અંતર જાળવે, ભીડમાં જવાનું ટાળે તેમજ કોરોના વાયરસ ગાઈડ લાઈન્સને સંપૂર્ણપણે અનુસરે તે જ ઉપાય છે.

વરિષ્ઠ નાગરિકોને કોરોના રસી કાર્યક્રમમાં સહયોગી બની તરત જ રસી મૂકાવી દેવા જાગૃત નાગરિક પરિષદે વિનંતી કરી છે.

જયોતીન્દ્ર દવેના અધ્યક્ષસ્થાને મળેલી ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની કાર્યવાહક સમિતિની વર્ચ્યુઅલ બેઠકમાં અરૂણભાઈ બૂચ, એચ.બી. વરિયા, વાગ્મિનભાઈ બૂચ, જયપ્રકાશ શાહ, ભાનુપ્રસાદ પુરાણી, એસ ડી આર મલિક, સુમંતભાઈ શાહ, ડો. ચેતનાબેન બૂચ, સી.એલ. મહેતા, રાજેન્દ્ર પારેખ, ભાનુકાન્ત પી.પરમાર, લક્ષ્મણસિંહ રાજપુત, કુસુમબેન જોશી વગરેએ હાજરી આપી હતી અને મહત્વનાં સૂચનો કર્યા હતા.

# સેકટર-૬ માં ૨૮૦ આવાસો બાંધવા ૬૮ વૃક્ષો કપાશે

## વૃક્ષોનું માર્કીંગ કરી દેવાયું : વનતંત્રને રૂ.૨.૩૧ લાખનું વળતર ચુકવાયું

ગાંધીનગર, તા.૧૬

સેકટર-૬ માં નવા બાંધવાનું કામ ચાલી રહ્યું છે ત્યારે હજુ બી કક્ષાના નવા મકાનો બાંધવા માટે આયોજન કરવામાં આવ્યું છે. નવા મકાનો બાંધવા માટે આ વિસ્તારમાંથી ૬૮ જેટલા વૃક્ષો કાંપવા પડે તેવી સ્થિતિ છે. વનતંત્ર દ્વારા આ વૃક્ષોનું માર્કીંગ પણ કરી દેવાયું છે. જયારે માર્ગ મકાન વિભાગે વૃક્ષોની કટોતીને અનુલક્ષી વનતંત્રને રૂ.૨.૩૧ લાખનું વળતર પણ ચુકવી દીધુ છે.

શહેરમાં જુના અને જર્જરીત આવાસો તોડીને નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના રહેણાંકને લાયક રહ્યા નથી. આ સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા અગાઉ હાથ ધરાયેલા સર્વેના અંતે જોખમી મકાનો તોડવાનું કામ ચાલી રહ્યું છે. જુના મકાન કડુસલો કરી અત્યાર સુધી સેકટર-૭, ૨૯, સે-૩૦ માં નવા આવાસો બાંધવામાં આવ્યા છે. જયારે સેકટર-૬ માં પણ નવી ટાવર કોલોની બનાવવામાં આવી રહી છે. સેકટર-૬ માં હજુ પણ બી કક્ષાના ૨૮૦ મકાનો બાંધવા માટે ૧૦ ટાવર ઉભા કરવામાં આવશે. જયારે નવા મકાનો બાંધવા માટે તંત્ર દ્વારા હાલ જુના અને જોખમી આવાસો ખાલી કરવવાનું કામ ચાલી રહ્યું છે. આ ઉપરાંત સેકટર-૬ માં આવાસ નિર્માણને અનુલક્ષી ૬૮ જેટલા વૃક્ષોની પણ કટોતી કરવી પડે તેવી સ્થિતિ છે. જો કે આ વૃક્ષો કાંપવા માટે વનતંત્રએ મંજુરી આપી દીધી છે. માર્ગ મકાન વિભાગ દ્વારા સેકટર-૬ માં નવા આવાસો બાંધવા માટે ૬૮ વૃક્ષોની કટોતીને અનુલક્ષી રૂ.૨.૩ લાખનું વળતર વનતંત્રને ચુકવી દીધુ છે. વનતંત્ર દ્વારા પણ આ વૃક્ષોનુ માર્કિંગ કરી દેવાયું છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા ગાંધીનગરમાં રોડ નેટવર્ક પણ અપગ્રેડ થઈ રહ્યું છે. આ ઉપરાંત સરકારી કચેરીના નવા બિલ્ડીંગો અને કર્મચારીઓના વસવાટ માટે નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. આવા સંજોગોમાં વિકાસના બદલાતા આયામ વચ્ચે હરીયાળી સામે ખતરો મંડરાયો છે. વિવિધ વિકાસલક્ષી કામોને પગલે વૃક્ષોની કટોતી થાય છે જેના પરિણામે નગરના પર્યાવરણ પ્રેમીઓમાં પણ રોષ ભભુકી ઉઠ્યો છે. ત્યારે આવાસ નિર્માણના મામલે છેલ્લા કેટલાક દિવસથી સેકટર-૨૯ માં પણ આંબાના વૃક્ષોની કટોતી ના થાય તે માટે સ્થાનિકો આગ બબુલા બન્યા છે. સરકારી આવાસોના નિર્માણને અનુલક્ષી વૃક્ષો ના કપાય તે મુજબ સ્થળ પસંદગી કરવામાં આવે તેવી માંગણી પણ પ્રકૃતિ પ્રેમીઓએ ઉઠાવી છે.

# શહેરમાં પાણી તથા ગટરવેરાની ચુકવણી ઓનલાઈન કરવા રજૂઆત

ગાંધીનગર, તા.૧૬

દેશભરમાં હવે મોટા ભાગના નાણાંકીય વ્યવહારો ઓનલાઈન થવા લાગ્યા છે, જેમાં ખૂબ જ સરળતાથી નાણાંકીય વ્યવહારો થાય છે. હાલમાં મોટા ભાગના બીલો જેમ કે પ્રોપર્ટી ટેક્ષ, પ્રોફેશનલ ટેક્ષ, લાઈટબીલ, ગેસબીલ તેમજ આવા ઘણા બીલો ઓનલાઈન ભરાય છે. પરંતુ હજુ સુધી પાણી વેરો તથા ગટરવેરો ભરવા માટે ઓનલાઈન કોઈ જ સુવિધા નથી તેથી નગરજનોને પાણી તથા ગટરવેરો ભરવા માટે જે તે કચેરીએ જવું પડે છે. દેશના વડાપ્રધાન પણ ડિજીટલ ભારતને આગળ વધારી રહ્યા છે તે સંજોગોમાં ચાલુ વર્ષથી જ પાણી તથા ગટરવેરા ભરવા માટે ઓનલાઈન સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે તો નગરજનોને ખૂબ જ સરળતા રહેશે તેમજ હાલમાં કોરોનાકાળમાં બીલો ભરવા માટે જે તે કચેરીમાં વેરો ભરવા માટે લાઈનો લાગે તે ઈચ્છનીય નથી. આથી સત્વરે આ ચાલુ વર્ષથી જ વેરો ભરવાની મુદત એક-બે માસ લંબાવી ઓનલાઈન વેરા ભરવા માટેની સુવિધા શરુ કરી તેનો લાભ નગરજનોને મળી રહે તેવી મનપાના વોર્ડ નં.૮ના કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા પાટનગર યોજના વિભાગને રજૂઆત કરવામાં આવી છે.

# સેક્ટર-૫ યોગ પરિવારના વડીલોને હોમિયોપેથિક દવાનું વિતરણ કરાયું



ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના સેકટર-૫ ખાતે ખોડીયાર માતાના મંદિરે નિયમિત યોગ-પ્રાણાયામ કરતા યોગ પરિવારના દરેક સિનિયર સિટીઝન સભ્યોને હોમિયોપેથિક દવાઓ અને માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિતરણ ઈન્ફોસીટી વાત્સલ્ય ચેરીટેબલ ટ્રસ્ટ તથા પર્લ ગર્લ્સ હોસ્ટેલના એડમિનિસ્ટ્રેટર અંજનાબેન રાઠોડના સહયોગથી સેકટર-૫ વસાહત મંડળ તરફથી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સે.૫ વસાહત મંડળના પ્રમુખ કેશરીસિહ બિહોલા, યોગ પરિવાર સભ્યો સુરેન્દ્રસિંહ વાઘેલા, આર. જી. દવે, પી. વી. જેઠવા, જગદીશભાઈ પટેલ, વિનોદભાઈ ભટ્ટ, વાસુદેવભાઈ સુથાર, મુળસિંહ ચાવડા, મહેન્દ્રભાઈ નાયી વગેરેએ હાજર રહી વિતરણમાં સહકાર આપ્યો હતો.

# અધવચ્ચે અભ્યાસ છોડી દેનાર વિદ્યાર્થીઓ જોગ

ગાંધીનગર, તા.૧૬

પ્રયાસ ઓપન સ્કૂલ એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરએ પ્રયાસ ચેરીટેબલ ફાઉન્ડેશન સંચાલિત સંસ્થા છે. જે હાલ સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા ફાળવેલ સેક્ટર-૨૯ શાળા નં-૨ માં કાર્યરત છે. પ્રયાસ સંસ્થામાં કોઈપણ કારણોસર અધવચ્ચેથી અભ્યાસ છોડી દીધેલ હોય તેવા વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય (NIOSNIOS) બોર્ડના સિલેબસ પ્રમાણે શિક્ષણ



પૂરું પાડવામાં આવે છે. ગત વર્ષે આ સંસ્થામાંથી બાળકોએ ધોરણ-૧૦ ની પરીક્ષા આપેલ જેમાંથી ૮૦% બાળકો સારા ગુણ સાથે ઉતીર્ણ થયા છે.

હાલ પ્રયાસ સંસ્થામાં નવા બાળકો કે જેમને અભ્યાસ અધવચ્ચેથી છોડેલ છે. તેમના એડમિશનની પ્રક્રિયા ચાલુ છે. એડમિશન માટે સેક્ટર-૨૯ શાળા નં-૨ અને મોબાઈલ નં-૯૭૧૪૫૭૮૯૩૭, ૭૯૮૪૯૪૬૩૩૯, ૮૭૩૪૯૯૬૧૧૨ પર સંપર્ક કરવા જણાવાયું છે.



# માતૃછાયા એજયુકેશન ટ્રસ્ટ દ્વારા પેબેક સોસાયટી અંગે કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૬

માતૃછાયા એજયુકેશન ટ્રસ્ટ દ્વારા ગાંધીનગર ખાતે પેબેક સોસાયટી નિર્માણ અંગે એક નેશનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

પેબેક સોસાયટીથી આપણે એક સારા સમાજ અને સારા ભારતનું નિર્માણ કરી શકીએ છીએ. માતૃછાયા એજયુકેશન ટ્રસ્ટ ૬ વર્ષથી આ કાર્ય કરી રહ્યું છે. પેબેક સોસાયટીના નામે જો બધા સમાજના લોકો આ વિચારે તો આપણે એક સારો સમાજ અને એક સારો દેશ બનાવી શકીએ છીએ.

# સોનારડા ગામે જુગાર રમતા ૬ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લાના સોનારડા ગામે જુગાર રમતા ૬ શખ્સોને ડભોડા પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે જુગારીઓ પાસેથી દાવ પરથી અને અંગજડતી દરમિયાન રૂ.૫૨૨૦ રોકડા જપ્ત કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ સોનારડા ગામે સ્ટ્રીટ લાઈટના અજવાળે બાજી માંડીને બેઠેલા ૬ વ્યકિત પોલીસના હાથે ઝડપાયા હતા.ડભોડા પોલીસ મથકનો સ્ટાફ નાઈટ પેટ્રોલીંગમા હતો તે સમયે સોનારડા ગામે ડેરાવાળા વાસમાં લાઈટના થાંભલા નીચે જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડતા ગામના લાલસિંહ રણછોડજી ઠાકોર (ઉં.૩૬ નદીવાળોવાસ), મહોતજી શકરાજી ઠાકોર (ઉં ૩૨ વર્ષ ડેરીવાળો વાસ), લાલસિંહ નેનાજી ઠાકોર (ઉં.૩૮, ડેરીવાળો વાસ), સંદિપજી બોથાજી ઠાકોર (ઉં.૨૨ ડેરીવાળોવાસ) બળદેવજી શનાજી ઠાકોર (ઉં.૫૫) તેમજ લાલાજી અમથાજી ઠાકોર (ઉં.૪૦ સ્વામીનારયણ મંદિર વાસ) જુગાર રમતા રંગે હાથ પકડાયા હતા. જુગારીઓ પાસેથી પોલીસે રૂ.૫૨૨૦ મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ(રાંધેજા) દ્વારા તાજેતરમાં **SEMS exhibition** નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઈંગ્લીશ, મેથ્સ, એસ.એસ અને સાયન્સના વિવિધ પ્રોજેક્ટ રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓના આ ઉમદા પ્રયત્નોને શાળાના ટ્રસ્ટીશ્રી તથા પ્રિન્સીપાલ દ્વારા બિરદાવવામાં આવ્યા હતા.

# બીજા તબક્કાના રસીકરણ દરમિયાન હેલ્થ સેન્ટરની મુલાકાત લેતા મેયરશ્રી



ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરમાં કોરોના વિરોધી રસીકરણનો બીજો રાઉન્ડ ચાલુ કરવામાં આવ્યો છે ત્યારે મેયરશ્રી રીટાબેન પટેલે સેક્ટર-૨૯માં આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી. તેમની સાથે વોર્ડ નંબર ૩ના પ્રમુખ તથા મહામંત્રી સહિત આગેવાનો અને કાર્યકર્તાઓ જોડાયા હતાં. મેયરશ્રીએ રસીકરણ કરાવનાર વસાહતીઓને અભિનંદન પાઠવવાની સાથે આરોગ્ય કેન્દ્રમાં તબીબી સ્ટાફ સાથે વાતચીત કરીને માહિતી મેળવી હતી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. વાઘેલા ગગુબા ગુલાબસિંહ ઉ.વ. ૭૫, લેકાવાડા
- સ્વ. રાવલ નારાયણ જયશંકર ઉ.વ. ૭૬, સેક્ટર-૧૩
- સ્વ. ઠાકોર પુંજીબેન મંગાજી ઉ.વ. ૬૭, રિદ્રોલ, માણસા
- સ્વ. આજને કાશીનાથ બાપુરાવ ઉ.વ. ૭૨, કુડાસણ